# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફાટક મુક્ત ગુજરાત બનાવવાના નિર્ધાર સાથે વધુ એક બ્રિજનું આણંદ ખાતે લોકાર્પણ કર્યું.**
2. **રાજ્યમાં બિન-હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર PSIની ભરતી માટેની લેખિત પરીક્ષા આજે યોજાશે.**
3. **ગુજરાતની UCC સમિતિની વિવિધ પ્રતિનિધિ મંડળો સાથે નવી દિલ્હીમાં બેઠક.**
4. **રાજ્યના હવામાનમાં પલટો – અમદાવાદ સહિત અનેક વિસ્તારમાં હળવા વરસાદની આગાહી.**
5. **રાજ્યભરમાં ગઇકાલે હનુમાનજીના જન્મોત્સવની ધાર્મિક,આસ્થા અને ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરાઇ.**

-----------------------------------------------------------------------------------

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો….

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ANAND – OVERBRIDGE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફાટક મુક્ત ગુજરાતના નિર્માણ માટે વધુ એક બ્રિજનું આણંદ ખાતે લોકાર્પણ કર્યું છે.

આણંદ જિલ્લાના અમારા પ્રતિનિધિ પરેશ મકવાણા જણાવે છે કે, પેટલાદ ખાતે 31 કરોડ રૂપિયાના ખર્ચે  નિર્માણ પામેલા સરદાર વલ્લભભાઈ પટેલ રેલવે ઓવરબ્રિજના નિર્માણથી પેટલાદ તાલુકાના પેટલાદ, પાડગોલ, મહેળાવ, બાંધણી, પોરડા, વિશ્નોલી, વટાવ, રંગાઈપુરા, દાવલપુરા, શાહપુરા, જોગણ, ખડાણા, શેખડી, ધર્મજ જેવા ગામોની અંદાજિત દોઢ લાખ લોકોને સીધો લાભ મળશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, પેટલાદ અને તેની આસપાસના તાલુકા વિસ્તારના પ્રજાજનોને આ બ્રિજના નિર્માણથી ફાટક રહીત વાહન વ્યવહાર કરવો સરળ બનશે તથા સમય અને નાણાંની બચત થશે. આણંદના સાંસદ મિતેશ પટેલે પોતાનો પ્રતિભાવ આપ્યો હતો

**(બાઇટ – મીતેશ પટેલ)**

# PSI EXAM

રાજ્યમાં બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર-PSIની 472 જગ્યા માટે આજે લેખિત પરીક્ષા યોજાશે. અમદાવાદ, વડોદરા અને સુરતની વિવિધ શાળાઓમાં આ પરીક્ષાનું આયોજન કરાયું છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ: મયુર સોલંકી)

રાજ્યના એક લાખ 2 હજારથી વધુ ઉમેદવારો 340 પરીક્ષા કેન્દ્રો ખાતે PSIની પરીક્ષા આપશે. આ પરીક્ષામાં 3-3 કલાકના બે પેપર હશે.પરીક્ષા પારદર્શક રીતે કોઇપણ ગેરરિતી વિના યોજાય તે માટે 8 હજારથી વધુ પોલીસ તથા શિક્ષણ વિભાગના કર્મચારીઓ ખડેપગે રહેશે. તમામ પરીક્ષા કેન્દ્રો તથા વર્ગખંડમાં CCTV કેમેરાથી મોનીટરીંગ કરાશે. શારીરિક કસોટી દરમિયાન લેવાયેલા ઉમેદવારોના બાયોમેટ્રીક/ફોટોગ્રાફનું લેખિત પરીક્ષાના બન્ને પેપર પહેલા વેરીફીકેશન કરવામાં આવશે. પરીક્ષાને લઈને તમામ તૈયારીઓ ભરતી બોર્ડ દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે.

( મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)

# UNIFORM CIVIL CODE

**નવી દિલ્હી ખાતે ગુજરાતની યુનિફોર્મ સિવિલ કોડ સમિતિની વિવિધ પ્રતિનિધિ મંડળો સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકના પ્રથમ તબક્કામાં ગુજરાતની યુ.સી.સી. સમિતિએ મુસ્લિમ હિત રક્ષક સમિતિના 18 જેટલાં પ્રતિનિધિઓ સાથે વિવિધ વિષયો પર વાતચીત કરી હતી.**

**આ બેઠકના બીજા તબક્કામાં ગુજરાતની યુ.સી.સી. સમિતિએ દિલ્હી ગુજરાતી સમાજના ૧૪ જેટલાં પ્રતિનિધિઓ સાથે સંવાદ કરી યુ.સી.સીના અમલીકરણ અંગે**

તેઓના મંતવ્યો જાણ્યા હતાં. દિલ્હી ગુજરાતી સમાજના પ્રતિનિધિઓએ ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવા પોતાનું સમર્થન પણ આપ્યું હતું.

આ બેઠકમાં વરિષ્ઠ સલાહકાર શત્રુઘ્ન સિંહ, સમિતિના સભ્ય સી.એલ. મીના, યુસીસી સમિતિના સચિવ શીતલ ગોસ્વામી સહિત અનેક સલાહકારો ઉપસ્થિત રહ્યા હતા.

# MADHAVPUR MEDO

એક ભારત શ્રેષ્ઠ ભારત'ની થીમ આધારીત માધવપુર મેળાનું સફળતાપૂર્વક સમાપન થયું છે. દેશભરના સાત લાખથી વધુ શ્રદ્ધાળુઓએ આ મેળાની મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે માધવપુર ખાતે ગુજરાત સહિત ઉત્તર પૂર્વના 1600થી વધુ કલાકારોએ વિવિધ ભવ્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિ રજૂ કરી હતી.

# ANAND MARCHI FARMER

આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના ભાટીયેલ ગામના ખેડૂત કેતનભાઇ પટેલે મરચીની ખેતી કરીને નોંધપાત્ર આવક મેળવી છે.

ઓક્ટોબર મહિનામાં મોડી રોપણી કરી હોવા છતાં યોગ્ય પાણી વ્યવસ્થાપન અને જીવાત નિયંત્રણના ઉપયોગથી ગુણવતાવાળું ઉત્પાદન મેળવ્યું છે.

બાગાયતી ખાતાની યોજના અને માર્ગદર્શનથી તેઓ કેળની ખેતી પણ કરે છે. ખેતીમાં થયેલા લાભ અંગે કેતનભાઇએ આ મુજબ જણાવ્યું.

(BYTE - KETAN PATEL, KHEDUT, ANAND)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

# WEATHER

આગામી 24 કલાકમાં વિસ્ટર્ન ડિસ્ટર્બન્સ, ટ્રફ અને સાઈક્લોનિક સરક્યુલેશન જેવી 3 સિસ્ટમની અસરથી રાજ્યના વાતાવરણમાં પલટો આવવાની હવામાન વિભાગે શક્યતા વ્યક્ત કરી છે. આ સાથે જ આગામી 24 કલાક દરમિયાન 30થી 40 કિલોમીટરની ઝડપે પવનો સાથે અમદાવાદ સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં હળવો વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ગઈકાલે અમદાવાનું મહત્તમ તાપમાન 39 ડિગ્રી જ્યારે લઘુત્તમ તાપમાન 25.8 ડિગ્રી નોંધાયું હતું. આણંદ, નર્મદા, ભરૂચ, ડાંગ, સુરત, નવસારીના વાતાવરણમાં પલટો આવવાની શક્યતા છે.

# HANUMAN JAYANTI

રાજ્ય સહિત સમગ્ર દેશભરમાં ભગવાન હનુમાનજીના જન્મોત્સવની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી.

પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહીત જણાવે છે કે, ગોધરા શહેરના વાવડી હનુમાન, સાંપા ગામના ઘેલવા હનુમાન ઉપરાંત હાલોલ, કાલોલ, શહેરા સહિત હનુમાનજી મંદિરોમાં હનુમાન જયંતીની ભક્તિમય માહોલમાં ઉજવણી કરાઈ સાથે જ સમગ્ર દિવસ દરમિયાન મહાપ્રસાદનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું .

ડાંગ જિલ્લાના અમારા પ્રતિનિધિ મુનીરા શેખ જણાવે છે કે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન દ્વારા કોટંબા અને ધવલીધોડ ગામ ખાતે હનુમાંજયતીની ઉજવણી નિમિતે અંદાજિત 550 જેટલા લોકોને સાયબર ફ્રોડ, ડિજિટલ એરેસ્ટની ધમકી, ફ્રી ગેઇમ એપ્લિકેશન, ફ્રી ગિફ્ટ તેમજ કેસ વાઉચર ના નામથી આવતી લિંકની માહિતીથી સાવધાન પહેવાની જાણકારી આપવામાં આવી હતી. મહિસાગર જિલ્લાના અમારા પ્રતિનિધિ કૌશીક જોષી જણાવે છે કે વીરપુર ખાતે હનુમાન જ્યંતીના દિવસે કોમી એકતાનું ઉદાહરણ જોવા મળ્યું હતું.

દિવના અમારા પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે કે દીવ એરપોર્ટ નજીક આવેલ હનુમાન મંદિરે ભક્તોએ ધામધુમપૂર્વક હનુમાન જન્મોત્સવની ઉજવણી કરી હતી. બોટાદ જિલ્લાના અમારા પ્રતિનિધિ પ્રકાશ ભિમાણી જણાવે છે કે સાળંગપુર કષ્ટભંજન દેવ હનુમાન મંદિરે સમુહ સંધ્યા આરતીમાં હજારો ભાવિકોએ મોબાઈલની ફ્લેશ લાઈટ કરી આરતી ઉતારી હતી. પાટણ શહેરના વિવિધ હનુમાન મંદિરો ખાતે વિશેષ શોભા, શણગાર અને આંગી કરવામાં આવ્યા હતા. ભાવિક ભકતો વહેલી સવારથી જ અંજનીપુત્રના દર્શન કરવા માટે મંદિરો ખાતે ઉમટી પડ્યા હતા અને શોભાયાત્રામાં જોડાયા હતા.

# IPL

IPL ક્રિકેટમાં ગઈકાલે લખનઉમાં રમાયેલી મેચમાં લખનઉ સુપર જાયન્ટસની ટીમે ગુજરાત ટાઇટન્સની ટીમને 6 વિકેટથી હરાવ્યું છે.

લખનઉ સુપર જાયન્ટસે ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરતાં ગુજરાત ટાઈટન્સે 20 ઓવરમાં 6 વિકેટ 180 રન કર્યાં હતાં. 181 રનનાં લક્ષ્યાંકનો પીછો કરતાં લખનઉ સુપર જાયન્ટસે 19.3 ઓવરમાં 4 વિકેટ ગુમાવી વિજય મેળવ્યો હતો. લખનઉની ટીમ તરફથી નિકોલસ પૂરને 34 બોલમાં 61 રન અને એડમ માર્કરમે 31 બોલમાં 58 રન બનાવ્યાં. જ્યારે ગુજરાત ટાઈટન્સનાં શુભમન ગિલે 38 બોલમાં 60 રન કર્યાં હતાં.

અન્ય બીજી મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદે પંજાબ કિંગ્સને આઠ વિકેટથી હરાવ્યું. આ સનરાઇઝર્સનો પંજાબ સામે 10 મેચમાં નવમો વિજય હતો.

આજે, રાજસ્થાન રોયલ્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સાથે થશે મેચ બપોરે 3:30 વાગ્યે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે રમાશે.. જ્યારે બીજા મુકાબલામાં, દિલ્હી કેપિટલ્સનો મુકાબલો મુંબઈ ઇન્ડિયન્સ સામે થશે. મેચ સાંજે સાડા સાત વાગ્યે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે.

# MORBI GSCPCR CHAIRPERSON

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજ્જરે મોરબી જિલ્લાનાં બાળ સંરક્ષણ ગૃહોની મુલાકાત લીધી હતી. તેમણે

બાળકોના શિક્ષણ, પોષણ અને રહેઠાણની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત દરમિયાન તેમણે સંરક્ષણ ગૃહોની સુરક્ષા વધુ મજબૂત કરવા તેમજ ભવિષ્યમાં વધુ સારા પરિણામ લાવવા પર ભાર મુકીને જરૂરી સુચનો કર્યાં હતા.

(બાઇટ: ધર્મિષ્ઠાબેન ગજ્જર, ચેરપર્સન)

# RAJPIPLA CM

રાજપીપલા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બે પ્રતિષ્ઠિત આદિવાસી અગ્રણીને તેમની સિદ્ધિ બદલ રત્નસિંહજી મહિડા સ્મારક પુરસ્કાર એનાયત કર્યા.

બિરસા મુંડા આદિવાસી યુનિવર્સિટીના કુલપતિ ડૉ મધુકર પાડવી અને આંધ્ર યુનિવર્સિટીના અંગ્રેજીના પ્રોફેસર ડૉ. એસ. પ્રસન્ના સી. ને તેમની સિદ્ધિઓ બદલ રત્નસિંહજી મહિડા સ્મારક પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. રાજપીપળાના અમારા પ્રતિનિધિ દિપક જગતાપ જણાવે છે કે, આ કાર્યક્રમમાં રાજપીપળાને હેરિટેજનો દરજ્જો આપવા મુખ્યમંત્રીને રજુઆત પણ કરવામાં આવી હતી